બાળકોનું બાઈબલ
રજૂ કરે છે :

# દાનિયેલ અને રહસ્યમય સ્વપ્ન



લેખક : Edward Hughes

સુચરિત્ર કરનાર : Jonathan Hay

અનુકૂલન : Mary-Anne S.

ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી

નિર્માતા : Bible for Children
www.M1914.org

©2017 Bible for Children, Inc.
પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.

નબુખાદનેસ્સાર રાજાને સ્વપ્ન આવ્યું અને આ સ્વપ્નએ તેને ઘણો હેરાન કરી નાંખ્યો. ઈશ્વરના સામર્થ્યથી દાનિયેલે રાજાને આ સ્વપ્નોનો અર્થ પણ કહી સંભળાવ્યો.





પ્રથમ બાબત તો
દાનિયેલ આ સ્વપ્ન
સચોટ રીતે કહી
બતાવ્યું. “તમે એક
પ્રચંડ અને મોટી મૂર્તિ
જોઈ. રાજા તેનું રૂપ
ભયંકર હતું.”

તે મૂર્તિનું માથુ સોનાનું હતું. “દાનિયેલે બોલવાનું ચાલુ રાખ્યું.”



“તેની છાતી અને હાથ ચાંદીના હતા.”



તેનું પેટ અને
સાથળ કાંસાના
હતા.



તેના પગ લોખંડના
બનેલા હતાં. જ્યારે
તેના પગની
પાટલીઓનો
કેટલોક ભાગ
લોખંડ અને
કેટલોક ભાગ
માટીનો
બનેલો
હતો.



આ મૂર્તિને દર્શાવ્યા પછી દાનિયેલે તેમને બાકીનું સ્વપ્ન કહી સંભળાવ્યું.




“તમે જોયું એક પથ્થર કોઈના હાથ અડક્યા વગર કાપીને અગલ કરવામાં આવ્યો હતો.”

તે પથ્થરે આ લોખંડ અને માટીની પાટલીઓ પર એટલો જોરદાર મારો ચલાવ્યો કે તે મૂર્તિના ચૂરેચૂરા થઈ ગયા.



“ત્યારબાદ એ મૂર્તિ તો ભાંગીને ભૂક્કો  થઈ ગઈ અને પવન તે ઉડી ગયો. દાનિયેલ ત્યાં રોકાઈ ગયો.”

“તે પથ્થરે એક મોટા પહાડ સમાન બનીને દુનિયાને ભરી દીધી.”



આ સાંભળીને રાજાને ભારે આશ્ચર્ય થયું. તે જ પ્રમાણે તેને સ્વપ્ન આવ્યું હતું. દાનિયેલ આ કેવી રીતે જાણી શકતો હતો? ફક્ત એ તો ઈશ્વરે દાનિયેલને કહ્યું હતું. ત્યારબાદ દાનિયેલ તે સ્વપ્નનો અર્થ શું થાય છે તે નબુખાદનેસ્સારને કહેવાની શરૂઆત કરી.



“સ્વર્ગના ઈશ્વરે તમને રાજ્ય, સામર્થ્ય, તાકાત અને મહિમા આપ્યા છે.”



દાનિયેલે રાજાને જણાવ્યું. “તમે તે સોનાનું માથું છો.”

દાનિયેલે રાજાને કહ્યું કે આ સુવર્ણ રાજ્યનો અંત આવશે. ત્યારબાદ ચાંદીના રાજ્યના જેમ બીજા એક રાજ્યની સ્થાપના થશે તે આગળના રાજ્ય કરતાં થોડું ઉતરતું હશે.



કાંસાનો અર્થ એ એક તેના પછીનું રાજ્ય છે. લોખંડ તથા માટી તે ચોથુ રાજ્ય છે.



ત્યારબાદ દાનિયેલે રાજાને આ કહી સંભળાવ્યું.

“સ્વર્ગનો ઈશ્વર એક એવું
રાજ્ય સ્થાપના છે કે તે
રાજ્યનો કદી અંત
આવનાર
નથી.”



રાજાને ખબર પડી કે ફક્ત દાનિયેલ એક એવો વ્યક્તિ છે કે જેને ઈશ્વરે આ સ્વપ્ન જાણવા તથા સમજવા માટે સમર્થ કર્યો હતો. નબુખાદનેસ્સારે દાનિયેલને ઘણુ ધન આપ્યા અને તેના રાજ્યનો ખૂબ જ અગત્યનો વ્યક્તિ બનાવ્યો.



રાજય
૧, ૨
અને
૩
આવ્યા અને
ચાલ્યા ગયા.



ઈશ્વરનું
રાજય
જે ચોથું
આવનાર
રાજય છે.



જે
ખૂબ
જ ઝડપથી
આવનાર છે.

# દાનિયેલ અને રહસ્યમય સ્વપ્ન

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

દાનિયેલ ૨

"તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે."
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

# સમાપ્ત

આ બાઈબલની વાર્તા જણાવે છે. આપણને
કોણે બનાવ્યા અને તે ઈચ્છે છે કે તમે તેને ઓળખો.

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ
બાબત કરી કે જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા
મરણ છે, પણ ઈશ્વર આપણને ખૂબ જ પ્રેમ કરે છે. જેથી તેણે
પોતાનો એકનો એક દિકરો, ઈસુ તેને મોકલી આપ્યો છે, જે
વધસ્તંભ પર મરી જઈને તમારા પાપની શિક્ષાને ઉઠાવી લીધી છે.
ત્યાર બાદ પ્રભુઈસુ જીવતા પાછા ઉઠીને પોતાનું ઘર જે સ્વર્ગ છે
તેમાં ગયા છે. તમે ઈસુ પર વિશ્વાસ રાખો છો તમે તમારા પાપોની
માફી માટે તેની પાસે માંગી શકો છો, તે તમારા પાપ માફ કરશે, તે
તમારી પાસે હૃદયમાં અંદર આવીને તમારી સાથે રહેશે
અને તમે સદાકાળ તેની સાથે રહી શકશો.

જો  તમે આ સત્યને સ્વીકારો છો તો તમે આ કહો:
પ્રિય ઈસુ, હું માનું છું કે તમે ઈશ્વર છો, અને મારા પાપો માટે મૃત્યુ પામવા માણસ બન્યા, તમે આજે જીવીત છો, કૃપા કરી તમે મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો. જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને હું સદા તમારી સાથે રહી શકું. તમારી આજ્ઞાઓ પાળવા માટે મને મદદ કરો જેથી હું તમારું બાળક બની શકું. આમીન.

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ
વાત કરો યોહાન ૩:૧૬